# શ્રી કડી દશા દિશાવાળ વણિક ઉત્કર્ષ મંડળ
## વિવિધ સહાય યોજના અંગેની માર્ગદર્શિકા

### શૈક્ષણિક સહાય યોજના

જ્ઞાતિના શૈક્ષણિક રીતે હોંસિયાર વિદ્યાર્થીઓ કે જેને આર્થિક સમસ્યાઓ છે તેને આ સહાય યોજના હેઠળ મંડળે શિષ્યવૃત્તિ નક્કી કરેલ છે. જેનાં નિયમો નીચે મુજબ છે.

- જે પરિવારમાં માસિક આવક રૂ.૧૦,૦૦૦/- (દસ હજાર રૂપિયા પુરા) થી ઓછી હોય તે પરિવારના જ વિદ્યાર્થીને આ યોજનામાં લાભ મળશે.
- વિદ્યાર્થી અપંગ હોય અથવા જેના પિતાનું અવસાન થયું હોય અને માતા ગૃહિણી કે મર્યાદિત જ આવક ધરાવતી હોય તે પરિવારના વિદ્યાર્થીને પણ આ સહાય મળશે.
- લાભ લેવા ઇચ્છુક વિદ્યાર્થીનું છેલ્લી પરીક્ષાનું પરિણામ ઓછામાં ઓછુ ૬૦% હોવું જોઇએ. જરૂરી / પ્રમાણિત માર્કશીટ આ ફોર્મ સાથે જોડવાની રહેશે.
- આ સહાય અંતર્ગત ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમ માટે રૂ.૫,૦૦૦/- (પ્રાથમિક થી ધોરણ ૧૨ સુધી) અને કૉલેજના અભ્યાસ માટે ટયુશન ફીના દસ ટકા અથવા રૂ.૧૦,૦૦૦/- (બન્નેમાંથી જે રકમ ઓછી હશે તે) વાર્ષિક ધોરણે સહાય મળશે તથા ઓછામાં ઓછા રૂ. ૨,૦૦૦/- આપવામાં આવશે.

### વિધવા સહાય યોજના (અનાજ સહાય)

- લાભાર્થી બહેનની માસિક આવક રૂ.૧૦,૦૦૦/- થી ઓછી હોવી જોઇએ.
- લાભાર્થી બહેનના પુત્ર ૨૩ વર્ષથી નાની ઉંમરનો હોય તેમને આ સહાય મળવા પાત્ર છે.

### નિરાધાર સહાય યોજના (અનાજ સહાય)

- આર્થિક રીતે નબળાં, અપંગ, કામ કરવાને અશક્ત નિરાધાર જ્ઞાતિજનો માટે આ યોજનાથી મદદ કરવાનો હેતુ છે.
- અરજી કરનારની માસિક આવક રૂ.૧૦,૦૦૦/- થી ઓછી હોવી જોઇએ.
- સંતાન ન હોય, સંતાન મૃત્યુ પામેલ હોય અથવા ૨૩ વર્ષથી નાની ઉંમરનો હોય તેમને પણ આ યોજના અંતર્ગત મદદ મળશે.

### નોંધ

- ફોર્મમાં એક ભલામણ કરનાર અને પોતાના કો-ઓર્ડિનેટર ની સહી કરાવવાની રહેશે.
- અધુરી વિગત વાળા, સહી વગરના તથા ચેક-ચાક વાળા ફોર્મ માન્ય રાખવામાં આવશે નહીં.
- ઓક્ટોબર થી સપ્ટેમ્બર સુધી વર્ષ ગણાશે. સદર ફોર્મ ૧૫ ઓગસ્ટ થી ૧૫ સપ્ટેમ્બર સુધીમાં ભરી કાર્યાલયમાં આપવાનું રહેશે.
- સદર યોજનાનો લાભ બહારની જ્ઞાતિમાં પરણાવેલ બહેન-દીકરીઓને પણ મળશે.
- સહાય ઇચ્છુક જ્ઞાતિજનો એ સંપર્કસેતુ નંબર તથા આઇ કાર્ડની ઝેરોક્ષ તથા છેલ્લા ૨ ઇલેકટ્રીકબીલની પ્રમાણિત નકલ આપવાની રહેશે.
- અન્ય જ્ઞાતિમાં પરણાવેલ બહેન-દીકરીઓને તેમના પતિની જ્ઞાતિમાં કોઇ સહાય કે લાભ મળતો હોય તેમને સહાય-લાભ આપવાનો અંતિમ નિર્ણય મંડળનો રહેશે.
- સામાજિક શરમ કે સંકોચને કારણે જો કોઈ નિરાધાર કે વિધવા પોતાની રજુઆત ન કરી શકે, તો જે તે ગામ કે શહેરના કો-ઓર્ડિનેટરે તેમને સહાય માટે મંડળનું ધ્યાન દોરવું. સહાય લેનાર નું નામ સંપૂર્ણ ગુપ્ત રાખવામાં આવશે.
- ઉપર દર્શાવેલ સહાય આપવાનો અંતિમ નિર્ણય વહેલા તે પહેલાના ધોરણે મર્યાદિત સંખ્યામાં મંડળનો રહેશે.

| | નામ | મોબાઈલ નં | સંપર્ક સેતુ નં |
|---|---|---|---|
| ભલામણ કરનાર | | | |
| કો-ઓર્ડિનેટર | | | |

અન્ય જ્ઞાતિમાં પરિણીત બહેન-દીકરી તેમની જ્ઞાતિમાંથી કોઈપણ પ્રકારનો લાભ-સહાય મેળવે છે.? ☐ હા ☐ ના

Member's signature ____________________ Date ☐☐ ☐☐ ☐☐☐☐